PDS યોજનામાં GOI ની સબસીડાઇઝ દરે પૂરી પાડવામાં આવનાર તુવેરદાળ અને ચણાદાળનું વિતરણ કરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવક્રમાંકઃ પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૬/૦૯/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૮/03/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

(૨) વિભાગનો તા.૨૦/૦૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક: પીડીએસ/૧૪/૨૦૧૮/૪૦૫૫૧૮/ક

(3) નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીનો તા.૨૮/૦૮/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: પીડીએસ/અગ્રતા કુટુંબો/ કઠોળ વિતરણ/૨૩૬/૨૦૧૯-૨૦.

આમુખ :-

સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રૂ.૧૫/કિ.ગ્રા. કેન્દ્રીય સબસીડી સાથે કઠોળના વિતરણની ભારત સરકારની યોજના હેઠળ માહે એપ્રિલ-૨૦૧૯ તથા મે-૨૦૧૯ દરમ્યાન તમામ NFSA કાર્ડધારકોને ઉપલબ્ધ જથ્થાના આધારે રૂ.૩૭/કિ.ગ્રા. તથા રૂ.૪૨/કિ.ગ્રા. ભાવે અનુક્રમે ૧ કિ.ગ્રા. તુવેર દાળ તથા ૧ કિ.ગ્રા. ચણાદાળનું વિતરણ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં જણાવેલ ઠરાવથી માહે જુલાઇ-૨૦૧૯ તથા ઓગષ્ટ-૨૦૧૯ દરમ્યાન સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી નિયત થયેલ પ્રમાણ-ભાવથી ચણાદાળનું વિતરણ કરવાનું ઠરાવવામાં આવેલ છે. સંદર્ભ (3) માં જણાવેલ નિયામકશ્રી, અ.ના.પુ. કચેરીના પત્રથી રાજ્યના ૯ જિલ્લાઓ માટે ૧૨૪૮.૦૪ મે.ટન ચણાદાળનો જથ્થો ઉપલબ્ધ થયેલ હોઇ માહે સપ્ટેમ્બર દરમ્યાન વિતરણ કરવા તેમજ રાજ્યના તમામ જિલ્લાઓમાં માહે ઓગષ્ટ-૨૦૧૯ અંતિત બચત રહેલ ચણાદાળના જથ્થાનું માહે સપ્ટેમ્બર-૨૦૧૯ તથા ઓક્ટોબર-૨૦૧૯ દરમ્યાન વિતરણ કરવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. આથી માહે સપ્ટેમ્બર-૨૦૧૯ તથા ઓક્ટોબર-૨૦૧૯ દરમ્યાન ચણાદાળના જથ્થાનું જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વિતરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

(૧) એનેક્ષર-બી મુજબના રાજ્યના ૯ જિલ્લાઓમાં સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી નિયત થયેલ વિતરણ પ્રમાણ-ભાવ મુજબ માહે **સપ્ટેમ્બર-૨૦૧૯** દરમ્યાન NFSA રેશનકાર્ડધારકોને ચણાદાળના જથ્થાનું વિતરણ કરવાનું રહેશે. માહે **સપ્ટેમ્બર-૨૦૧૯** અંતિત વાજબી ભાવની દુકાન ખાતે બચત રહેલ ચણાદાળના **જથ્થાનું** માહે **ઓક્ટોબર-૨૦૧૯** દરમ્યાન NFSA રેશનકાર્ડધારકોને સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી નિયત થયેલ વિતરણ પ્રમાણ-ભાવ મુજબ વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવાનું રહેશે.

(૨) એનેક્ષર-એ મુજબના જિલ્લાઓમાં માહે ઓગષ્ટ-૨૦૧૯ અંતિત વાજબી ભાવની દુકાન ખાતે બચત રહેલ ચણાદાળના સંપૂર્ણ **જથ્થાનું** માહે સપ્ટેમ્બર-૨૦૧૯ દરમ્યાન NFSA રેશનકાર્ડધારકોને સંદર્ભ (૧) માં જણાવેલ ઠરાવથી નિયત **થયેલ** વિતરણ પ્રમાણ-ભાવ મુજબ વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કિશોરકુમાર એસ. રાણા)
ઉપસચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, સચિવાલય, ગાંધીનગર
૨. મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી.ગાંધીનગર
૩. સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ.
૪. અન્ન નિયંત્રકશ્રી, અન્ન નિયંત્રકશ્રીની કચેરી, અમદાવાદ શહેર, બહુમાળી ભવન, લાલ દરવાજા અમદાવાદ-૩૮૦૦૦૧.

નકલ રવાના :-

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માન.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માન. રા.ક. મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

૪. અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગર

૫. , સીસ્ટમ મેનેજરશ્રી (ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ)

૬. સીલેક્ટ ફાઇલ